NHS
Blood and Transplant

# અંગ દાન અને ધાર્મિક માન્યતાઓ

## અંગ દાન અને હિંદુ માન્યતાઓની માર્ગદર્શિકા

# અંગ દાન

## અંગ દાન

અંગ દાન એ પ્રત્યારોપણની (ટ્રાન્સપ્લાન્ટ) જરૂરિયાતવાળી કોઈ વ્યક્તિને મદદ કરવા માટે અપાતી અંગની ભેટ છે. આખા UKમાં દર વર્ષે અંગોના પ્રત્યારોપણો દ્વારા હજારો લોકોના જીવન બચાવવામાં અથવા સુધારવામાં આવે છે. પણ દરરોજ આખા UKમાં અંગ પ્રત્યારોપણની રાહ જોતા કોઈનું મૃત્યુ થઈ જાય છે.

મૃત્યુ પામેલા લોકો જે અંગોનું દાન કરી શકે તેમાં હૃદય, ફેફસાં, કિડની, લિવર, સ્વાદુપિંડ અને નાના આંતરડાનો સમાવેશ થાય છે. ચામડી, હાડકાં, હૃદયના વાલ્વ અને આંખોના પારદર્શક પડદાઓ (કૉર્નિયાઝ) જેવી પેશી પણ અન્ય લોકોને મદદ કરવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. એક જ કિડની અથવા લિવરના ભાગનું જીવતે જીવત દાન પણ શક્ય છે.

## અંગોનું દાન કરવા વિશે વિચારવું શા માટે મહત્વપૂર્ણ છે?

હવે તબીબી પ્રગતિની સાથે કિડની, લિવર અને હૃદયની નિષ્ફળતા જેવી વિવિધ છેવટની સ્થિતિઓથી પીડાતા લોકોની જીવવાની શક્યતાઓ વધારવા માટે પ્રત્યારોપિત અંગો અને પેશીઓનો ઉપયોગ કરવો શક્ય છે. હવે પહેલા કરતા વધારે લોકો આ સ્થિતિઓથી પીડાય છે અને કેટલાક વંશીય સમૂહો અન્યો કરતા વધુ અસરગ્રસ્ત હોવાનું જણાય છે.

આજે અંગની જરૂરિયાતવાળી વ્યક્તિ કદાચ અપરિચિત હોય, પણ આવતી કાલે તે તમારી ઓળખીતી અને સ્નેહી વ્યક્તિ હોઈ શકે છે. તેથી તમારે અંગ દાતા બનવું છે કે કેમ તેનો નિર્ણય લેવા, તે નિર્ણય NHSના અંગ દાન રજિસ્ટર (NHS Organ Donor Register) પર નોંધાવવા, અને પછી તમારા પરિવારને જણાવવા માટે કૃપા કરીને સમય લો.

## પરિવારનું સામેલ થવું

UKના બધા વિસ્તારોમાં પરિવારો અંગ દાનમાં અગત્યની ભૂમિકા ભજવે છે, પછી ભલે ત્યાં ઑપ્ટ ઇન (પસંદ કરો) સિસ્ટમ અમલમાં હોય કે ઑપ્ટ આઉટ (નાપસંદ કરો).

જો તમે અંગ દાતા બની શકો તેવા સંજોગોમાં મૃત્યુ પામો, તો અંગ દાનની/ના એક નિષ્ણાત નર્સ કદાચ એ જોવા માટે NHSનું અંગ દાન રજિસ્ટર (NHS Organ Donor Register) ચકાસશે કે શું તમે તમારો નિર્ણય નોંધાવ્યો હતો, અને તમે દાતા બનવા માંગતા હતા કે કેમ તે અંગે તમારા નજીકના સંબંધીઓ સાથે વાત કરશે. શું થશે તેના માટે તમારા પરિવારનો અભિપ્રાય અત્યંત મહત્વપૂર્ણ છે. તો, તમારો નિર્ણય ગમે તે હોય, એ મહત્વપૂર્ણ છે કે તેઓ જાણતા હોય કે તમે શું ઇચ્છો છો. આ તેમના માટે તમારા નિર્ણયનું માન રાખવું સરળ બનાવશે.

## અંગ દાન ક્યારે થઈ શકે?

ડૉક્ટરો અન્ય સ્વાસ્થ્ય સંભાળ કર્મચારીઓ દર્દીનું જીવન બચાવવા માટે બધા શક્ય પ્રયત્નો કરવા પ્રતિબદ્ધ છે. જીવન બચાવવાના બધા પ્રયત્નો નિષ્ફળ જાય અને પ્રત્યારોપણ ટીમથી સંપૂર્ણપણે સ્વતંત્ર હોય તેવા ડૉક્ટરોએ મૃત્યુની પુષ્ટિ કરી દીધી હોય ત્યારબાદ જ અંગ દાનનો વિચાર કરવામાં આવે છે.

UKમાં મોટાભાગના દાન કરેલા અંગો મગજની ગંભીર ઈજાથી મૃત્યુ પામેલા, અને ઇન્ટેન્સિવ કૅર યુનિટમાં વેન્ટિલેટર પર હોય તેવા લોકો પાસેથી આવે છે. મગજની ઈજાથી જીવન માટે જરૂરી એવા મગજના પાયામાં આવેલા સ્તંભ (બ્રેઇન સ્ટેમ)માં રહેલા પ્રાણભૂત કેન્દ્રો નુકસાનગ્રસ્ત થઈ જાય છે. ડૉક્ટરો આને જ્ઞાનતંતુ-વિજ્ઞાનના માપદંડનો ઉપયોગ કરીને મૃત્યુની પુષ્ટિ કહે છે, જેને 'બ્રેઇન સ્ટેમ ડેથ' પણ કહેવાય છે. આ કૉમા (બેભાન સ્થિતિ)માં હોવા અથવા 'વનસ્પતિ જેવું જીવન જીવવા (vegetative state)' જેવું નથી. પ્રત્યારોપણ ટીમથી સ્વતંત્ર બે સિનિયર ડૉક્ટરો દ્વારા કડક રાષ્ટ્રીય માર્ગદર્શનનું પાલન કરીને બે જુદા જુદા પ્રસંગો પર તપાસો કરવામાં આવે છે.

જ્ઞાનતંતુ-વિજ્ઞાનના માપદંડનો ઉપયોગ કરીને મૃત્યુની પુષ્ટિ કરવામાં આવે ત્યારે દર્દી હજુ વેન્ટિલેટર (ફેફસાંમાં હવા મોકલનાર અને શરીરમાં લોહીના પરિભ્રમણમાં સહાયક બનતું મશીન) પર હોય છે. આ અંગોને, પ્રત્યારોપણના વધુ આરોગ્યપ્રદ પરિણામ માટે જરૂરી એવા, ઑક્સિજન-સમૃદ્ધ લોહીના પૂરવઠાથી વંચિત થતા અટકાવે છે.

પોતાના પરિવારની સંમતિથી જીવનને ટકાવી રાખનારી સઘન સંભાળ સારવાર (ઇન્ટેન્સીવ કૅર ટ્રીટમેન્ટ) બંધ કરાવનાર લોકો પણ અંગોનું દાન કરી શકે છે. તેના તરત પછી જો હૃદય બંધ પડે અને લોહીનું પરિભ્રમણ બંધ થઈ જાય, તો મૃત્યુની પુષ્ટિ કરવામાં આવે છે અને દાન કરી શકાય છે. આને 'પરિભ્રમણ સંબંધિત મૃત્યુ પછીનું દાન (donation after circulatory death)' કહેવાય છે.

## કાળજી અને આદર

અંગો અને પેશીઓ કાઢવાનું કામ અત્યંત કાળજી અને આદરથી કરવામાં આવે છે. ત્યારબાદ પરિવાર મૃતદેહને જોઈ શકે છે અને જો પરિવાર ઇચ્છે તો કર્મચારી પાદરી અથવા સ્થાનિક ધાર્મિક આગેવાનનો સંપર્ક કરી શકે છે.



ભરત કક્કડે (Bharat Kakkad) તેમના અચાનક મૃત્યુ પછી બંને કિડની, તેમના કૉર્નિયાઝ અને અન્ય પેશી દાન કરી.

તેમના પત્ની અને બે દિકરાઓ અંગ દાન કરવા સંમત થયા કારણ કે તેમને લાગ્યું કે બીજા લોકોને મદદ કરવી એ ભરતનો સ્વભાવ હતો અને તે એક હિંદુ તરીકેની તેમની માન્યતાઓ અને શ્રદ્ધા, ખાસ કરીને સેવાની પરંપરા, પ્રમાણે હતું.

# હિંદુ ધર્મ અને અંગ દાન

**હિંદુ ગ્રંથોમાં અંગ દાનના વિચારને સમર્થન આપતા ઘણા સંદર્ભો છે. દાન (daan) એ સંસ્કૃતમાં ડોનેશન (donation) માટેનો મૂળ શબ્દ છે જેનો મતલબ છે નિસ્વાર્થપણે આપવું. દસ નિયમો (સદ્ગુણી કર્મો)ની યાદીમાં દાન ત્રીજા ક્રમે આવે છે.**

***"જીવનની ભેટ આપવી – અથવા અન્ય લોકોને જીવવામાં મદદ કરવી – હિંદુ ધર્મમાં 'દાન (daan)' અથવા ડોનેશનનું (donation) સ્વરૂપ ગણવામાં આવે છે. ભાગ્ય અથવા નસીબનો મતલબ એ નથી કે તમે બીમાર હોવ તો સારવાર મેળવવાનો પ્રયત્ન ન કરો. કોઈ પણ પ્રકારનું અંગ દાન સ્વીકારવામાં કંઇ જ ખોટું નથી."***

*સાધુ યોગવિવેકદાસ (Sadhu Yogvivekdas), વડા સાધુ, BAPS શ્રી સ્વામીનારાયણ મંદિર, લંડન*

***"દાન કરવી શક્ય હોય તેવી બધી વસ્તુઓમાંથી તમારું પોતાનું શરીર દાન કરવું અનેક ગણું વધારે યોગ્ય છે."***

*મનુસ્મૃતિ*

મૃત્યુ પછી જીવન એ હિંદુઓની મજબૂત માન્યતા છે અને પુનર્જન્મની ચાલુ રહેતી પ્રક્રિયાનો ભાગ છે. કર્મનો સિદ્ધાંત નક્કી કરે છે કે હવે પછીના જન્મમાં આત્માની કેવી ગતિ થશે. ભગવદ્ ગીતા નશ્વર શરીર અને અવિનાશી આત્માને શરીર સાથે વસ્ત્રોના સંબંધ જેવું સરળ રીતે વર્ણવે છે:

***"જે રીતે વ્યક્તિ નવા વસ્ત્રો પહેરવા માટે જૂના ઘસાઈ ગયેલા વસ્ત્રો ઉતારી ફેંકે છે, તે જ રીતે શાશ્વત આત્મા મૃત્યુ થયા પછી જૂનું શરીર છોડે છે અને નવા શરીરમાં પુનર્જન્મ લે છે."***

*ભગવદ્ ગીતા, અધ્યાય 2:22*

વૈજ્ઞાનિક અને તબીબી વિવરણ ગ્રંથો (ચરક અને સુશ્રુત સંહિતા (Charaka and Sushruta Samhita)) વેદોનો મહત્વપૂર્ણ ભાગ છે. ચરક ઋષિ આંતરિક ઔષધ વિજ્ઞાન સાથે નિસ્બત ધરાવે છે જ્યારે સુશ્રુત ઋષિ અંગો અને હાથ-પગના પ્રત્યારોપણોના લક્ષણોનો સમાવેશ કરે છે:

***"હિંદુ ધર્મ પ્રમાણે, સખાવત (સેવા) શબ્દ ઊંડો અર્થ ધરાવે છે કે બીજી વ્યક્તિને જીવન આપવા તમારા શરીરનો ભાગ દાન કરવો એ જીવન દરમિયાન કે જીવન પછી તમે જેમાં સહભાગી બની શકો તેવી સખાવત (સેવા)નું ઉચ્ચતમ સ્વરૂપ છે. ધર્મમાં તેનાથી આગળ કંઇ જ નથી. સખાવત (સેવા) શબ્દ ગીતાજી, વેદો અને ઉપનિષદોમાં ઝીણવટપૂર્વક સમજાવવામાં આવ્યો છે."***

*મહેન્દ્રભાઈ પંડ્યા (Mahendrabhai Pandya), લેસ્ટરમાં જલારામ મંદિરના વડા પૂજારી અને હિંદુ પૂજારીઓના મંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ*

***"હિંદુઓ નિસ્વાર્થ કૃત્યો કરીને સારા કર્મો ભેગા કરે છે અને શરીરના અંગો, ખાસ કરીને મૃત્યુ પછી દાન કરવા કરતા વધુ સારું કાર્મિક ફળ શું હોઈ શકે, કે જ્યારે તે આપણા માટે ઉપયોગી નથી હોતા, પરંતુ અન્ય લોકોને વધુ સારું જીવન જીવવામાં મદદ કરી શકે છે - આપણા પવિત્ર ગ્રંથોમાં અંતઃસ્થાપિત હિંદુ પરંપરા, જે પ્રમાણે પ્રાચીન ભારતમાં પણ દેખીતી રીતે સુશ્રુત ઋષિ દાન કરેલા હાથ-પગ અને અંગોથી 'પ્રત્યારોપણ શસ્ત્રક્રિયા' કરતા હતા."***

*અનિલ ભાનોટ (Anil Bhanot) OBE, હિંદુ પરિષદ UKના (Hindu Council UK) સ્થાપક સભ્ય અને નિયામક*

***"હું મક્કમપણે માનું છું કે અંગ દાન એ કોઈ પણ માનવ આપી શકે તેવું શ્રેષ્ઠ દાન છે."***

*શ્રીમતી તૃપ્તિ પટેલ (Mrs Trupti Patel) બ્રિટનના હિંદુ ગોષ્ઠીમંડળના (Hindu Forum of Britain) પ્રમુખ*

હિંદુ ધર્મ વિશેની માહિતી **www.bbc.co.uk/religion** રથી ઉપલબ્ધ છે

જૈન અને હિંદુ અંગ દાન સંચાલન જૂથ (Jain and Hindu Organ Donation Steering Group, JHOD) હિંદુ અને જૈન સમુદાયોમાં અંગ દાન વિશે લોકોને શિક્ષિત કરવા સખત મહેનત કરે છે. આ જૂથે સમુદાયો માટે સંસાધનો સર્જ્યાં છે અને અંગ દાનને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસોમાં સામુદાયિક જૂથોને રાષ્ટ્રીય સ્તરે સહાય કરે છે.

**Twitter (ટ્વિટર) @JHOD_UK**
**www.facebook.com/jhoduk**

JHOD વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને તેના અધ્યક્ષ, કિરીટ મોદીનો (Kirit Modi) સંપર્ક કરો **kiritmodi1@hotmail.com**

# તમારી પસંદગી કરવી

## હું કેવી રીતે દાતા બનું?

જો તમે તમારા મૃત્યુ પછી તમારા બધા અથવા કેટલાક અંગો અથવા પેશી દાન કરવા માંગતા હોવ, તો તમારો પરિવાર તમારી ઇચ્છા વિશે જાણે અને તમારા નિર્ણયનું માન રાખે તેની ખાતરી કરવાની શ્રેષ્ઠ રીત છે NHSના અંગ દાન રજિસ્ટર પર દાતા તરીકે નામ નોંધાવવું અને તમારા પરિવારને તમારો નિર્ણય જણાવવો. તમારો ધર્મ/માન્યતા મહત્વપૂર્ણ છે કે કેમ અને દાન વિશેની ચર્ચાના ભાગરૂપે તેની વિચારણા થવી જોઈએ કે કેમ તે પણ તમે રજિસ્ટર પર નોંધાવી શકો છો.

## મારે દાન ન કરવું હોય તો શું?

જો તમારે દાન ન કરવું હોય, તો NHSના અંગ દાન રજિસ્ટર (NHS Organ Donor Register) પર આ નિર્ણય નોંધાવવો અને તમારા પરિવારને જણાવવું મહત્વપૂર્ણ છે.

જો તમે કેટલાક અંગો અથવા પેશી દાન કરવા રાજી હો પણ અન્ય નહીં તો દાનમાંથી ‘ઑપ્ટ આઉટ (પસંદ ન કરો)’ થશો નહીં. તેના બદલે, અંગ દાતા તરીકે નામ નોંધાવો અને તમે દાન કરવા ઇચ્છતા હો તે અંગો અથવા પેશી પસંદ કરો.

## જો હું દાનનો નિર્ણય કરવા કોઈને નીમવા માંગુ તો શું?

organdonation.nhs.uk પરથી ડાઉનલોડ કરવા માટે ફૉર્મ ઉપલબ્ધ છે જેના દ્વારા તમે અન્ય કોઈને તમારા માટે દાનનો નિર્ણય કરવા નીમી શકો છો. તમારે આ ફૉર્મ પૂર્ણ કરીને પાછું મોકલવું પડશે. કૃપા કરીને નોંધ લેશો કે તમારા માટે નિર્ણય કરવા તમે પ્રતિનિધિને કાયદેસર રીતે નીમી શકો કે નહીં તેનો આધાર UKમાં તમે ક્યાં રહો છો તેના પર છે.

વધુ જાણવા માટે અને તમારો નિર્ણય, ગમે તે હોય, નોંધાવવા માટે **organdonation.nhs.uk** પર જાવ અથવા **0300 123 23 23** પર કૉલ કરો.

અંગ અને પેશીના દાન
વિશે વધુ જાણવા માટે,
**Organdonation.nhs.uk**
પર જાવ

મે 2020માં અદ્યતન કરેલ

OLC229L2.1 Hinduism (Gujarati) 2021129